આજથી મોડાસામાં ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાશે

આજથી ગણેશોત્સવની શરૂઆત થાય છે ત્યારે સમગ્ર જિલ્લાવાસીઓ ગણેશોત્સવની તૈયારીમાં લાગી ગયા છે. ગણેશોત્સવમાં હવે માટીની બનાવેલી વિવિધ પ્રકારની મૂર્તિઓનો ક્રેઝ વધી રહ્યો છે. માટીની મૂર્તિઓના ભાવોમાં અંદાજે ૨૦ થી ૨૫ ટકા સુધીનો વધારો થયો છે. છતાં પણ ભક્તોએ મોંઘવારીને બાજુમાં રાખીને મનગમતી વિવિધ પ્રકારની ડિઝાઈનની બાપાની મૂર્તિઓની ખરીદી કરે છે. જિલ્લાના ગણેશમંડળો ગણેશોત્સવની તૈયારીમાં જોતરાયા છે. અને સારામાં સારી મૂર્તિઓ અને બધાથી અલગ ડેકોરેશન કરવાની રીતસરની હોડ જામી હોય તેવું જણાઈ રહ્યું છે. આજથી ગણેશોત્સવની શરૂઆત થાય છે ત્યારે મૂર્તિઓના ભાવોમાં થયેલા વધારાને ધ્યાનમાં લઈ જિલ્લાવાસીઓમાં ગણપતિ બાપાની પધરામણી માટે થનગનાટ જોવા મળ્યો છે. દર વર્ષે પરપ્રાંતિય કારીગરો દ્વારા ગણપતિજીની મૂર્તિઓ તૈયાર કરી વેચાણ કરવામાં આવે છે.

રહિયોલ ફાટક પાસેનો બિસ્માર માર્ગ મરામત માગે છે

દ્વિચક્રી વાહનો માટે જીવલેણ અકસ્માત સર્જનાર માર્ગ પ્રત્યે તંત્રની ઉદાસીનતા

મોડાસા, તા. ૪

ધનસુરા-મોડાસા માર્ગ પર રહિયોલકંપા નજીકથી પસાર થતા નડીયાદ-મોડાસા રેલવે ટ્રેકનું માનવ રહિત રેલવે ક્રોસીંગ આવેલ છે. આ રેલવે ક્રોસીંગ પાસેનો બિસ્માર માર્ગ વર્ષોથી મરામત કરવામાં આવતો નથી. દ્વિચક્રી વાહનોના જીવલેણ અકસ્માતોની અનેક દુર્ઘટનાઓ ઘટી હોવા છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. આ રેલવે ક્રોસીંગ પાસે બિસ્માર માર્ગને કારણે મોટરકાર અને મોટા વાહનોને ગતિ ઘટાડવી પડતી હોય છે. જેનો લાભ ભૂતકાળમાં હાઈવે તસ્કરી કરનાર ગુન્હેગારોને થતો હતો. આ સ્થળે અનેક વાહન ચાલકો લૂંટ અને ધાડના ભોગ બન્યા છે.

રાત્રીના સમયે એકલ-દોકલ વાહનની ગતિ ઘટતાં વાહનચાલકોને લૂંટી લેવાના બનાવો પણ બન્યા છે. ત્યારે પ્રજાની સલામતીને ધ્યાનમાં રાખી સત્વરે આ બિસ્માર માર્ગનું મરામત કામ હાથ ધરાય તે જરૂરી છે. રેલવે ક્રોસીંગ પાસેના રોડ પરના જીવલેણ ખાડાઓની માત્ર થીગડા મારીને નહી પરંતુ બિસ્માર માર્ગને કાયમી ધોરણે મરામત કરાય તેવી જિલ્લાના વાહનચાલકોની માંગણી છે.

અરવલ્લી જિલ્લામાં પદયાત્રીઓની સેવામાં વિસામા કાર્યરત કરાયા

મોડાસાના ઝાલોદર ગામે અદ્યતન વિસામામાં રહેવા, જમવા અને મેડિકલની સુવિધા

મોડાસા, તા. ૪

મા અંબા આદ્યશક્તિના ભક્તો ભાદરવી પૂનમ માટે અંબાજી પદયાત્રા નીકળતા હોય છે ત્યારે ચાલતા પદયાત્રીઓને માર્ગમાં અવનવી મુશ્કેલીઓની આફતનો સામનો કરવો પડતો હોય છે.

પદયાત્રીઓની સેવામાં અરવલ્લી જિલ્લામાં સતત ૨૪ કલાક સેવામાં કાર્યરત અનેક જગ્યાએ સેવાકેન્દ્રો (વિસામા)નો પ્રારંભ કરી પદયાત્રીઓને આવકારવા સેવામય બન્યા છે. મોડાસા તાલુકાના ઝાલોદર ગામે રામદેવ વિસામામાં પદયાત્રીઓ માટે રહેવા, જમવા તેમજ મેડિકલ સેવાઓ જેવી અદ્યતન સુવિધાઓની અધિક્ષક કલેક્ટર ચિરાગ ચાવડાના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો.

બોલ મારી અંબે જય જય અંબે ના નાદથી અરવલ્લી જિલ્લાના માર્ગો ગુંજી ઉઠશે. અંબાજી પગપાળા જતા ભક્તો હજ્જારોની સંખ્યામાં જીલ્લાના માર્ગો પરથી પસાર થાય છે. જિલ્લાના સેવાભાઈ નાગરિકો દ્વારા વિવિધ માર્ગો પર સેવાકેન્દ્રો શરૂ કરી ભક્તો તેમજ પદયાત્રીઓ માટે ચા-પાણી, નાસ્તો, જમવાનું તેમજ ગરમ પાણી, મેડિકલ સુવિધાઓ અને રાત્રી રોકાણની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. અરવલ્લી જિલ્લાના માર્ગો પર દાહોદ, પંચમહાલ, વડોદરા, ખેડા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તેમજ જિલ્લાના અનેક પદયાત્રીઓ ભાદરવી પૂનમે મા અંબેના દર્શન કરવા પદયાત્રાએ નિકળતા પસાર થતા હોય છે. જિલ્લાના માર્ગો પર પર પ્રાંતિય તેમજ રાજ્યના પદયાત્રીઓની સેવારૂપી કાર્ય કરવા વિસામાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મોડાસા તાલુકાના ઝાલોદર ગામે ઝાલોદર ગામના ગ્રામજનો દ્વારા રામદેવ વિસામાનો શનિવારથી શુભારંભ કરવામાં આવ્યો હતો. ઝાલોદરના પૂર્વ સરપંચ લખાભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા અહીંથી પસાર થતા પદયાત્રીઓ માટે સતત ૨૪ કલાક નાહવા માટે ગરમ પાણી, ચા-નાસ્તો તથા ભોજન, રાત્રીરોકાણ તેમજ પદયાત્રીઓને શારીરિક તકલીફ નડે તો તેમના માટે મેડીકલ સારવાર ૨૪ કલાક મળી રહે તેવી સુવિધા વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. રોજના હજ્જારો પદયાત્રીઓની સેવા માટે ગામના વડીલો યુવાનોની ટીમ સતત ૨૪ કલાક ખડેપગે ઉભા રહી જય અંબેના નાદથી પદયાત્રીઓને તેમની સુવિધાકેન્દ્રનો લાભ લેવા મનાવતા નજરે પડે છે.

મ.લા. ગાંધી કેળવણી મંડળ મોડાસા સંચાલિત લાટીવાળા ડી.એલ.એડ. કોલેજ દ્વારા ઈન્ટર્નશિપ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૪

જી.સી.ઈ.આર.ટી. અને શિક્ષણ વિભાગના આદેશથી શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ

મોડાસા સંચાલિત એમ.કે. શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. (પીટીસી) કોલેજ મોડાસા દ્વારા દર વર્ષની જેમ પ્રશિક્ષણાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અને તાલીમના ભાગરૂપે મોડાસા નગરની સર્વોદય પ્રા. શાળા, ઉર્દુ શાળા નં. ૬, પાલનપુર પ્રા. શાળામાં પ્રથમ તબક્કાનો ઈન્ટર્નશિપ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં દ્વિતિય વર્ષના પ્રશિક્ષણાર્થીઓએ અભ્યાસક્રમ અંતર્ગત આયોજન પ્રમાણે ધો. ૬ થી ૮માં પાઠ આપ્યા હતા. જ્યારે પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓએ દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓના પાઠનું અવલોકન અને બાલવાડીમાં ચાલતી શૈક્ષણિક સહ-અભ્યાસિક અને યોજના અંતર્ગત પ્રવૃત્તિઓનું માર્ગદર્શન મેળવ્યું હતું.

ઈન્ટર્નશિપ કાર્યક્રમની સફળતા માટે કોલેજના પ્રિ. ડૉ.સંતોષ દેવકર તેમજ મંડળના પ્રમુખ નવીનચન્દ્ર આર. મોદી તથા કોલેજના પ્રભારી મંત્રી સુભાષભાઈ એમ. શાહે શુભેચ્છા પાઠવી હતી.

મેઘરજ તાલુકામાં યુ.જી.વી.સી.એલ. ટીમે રેડ પાડતા ૬.૫૭ હજારની વીજ ચોરી ઝડપાઈ

મેઘરજ તાલુકામાં ગત શુક્રવારના રોજ સવારે ૩૦ જેટલી ગાડીઓના કાફલા સાથે યુ.જી.વી.સી.એલ.ની ટીમે રેડ પાડતા છ લાખ સત્તાવન હજાર જેટલી વીજ ચોરી ઝડપાઈ હતી.

મેઘરજ તાલુકામાં ૩૦ ગાડીઓના કાફલા સાથે જુદી જુદી જગ્યાએ જઈ મેઘરજ તાલુકાના ઉન્ડવા, રેલ્યો, ભુવાલ, આઢોડીયા, રામપુર, નાથાવાસ, વલુણા, ગોઢ, ગોપાવાડા, પાણીબાર, મોટી પંડુલી, શણગાલ, વાવ કંપા વગેરે ગામોમાં યુ.જી.વી.સી.એલ. રહેણાંકના કનેક્શન ૯૪૦ જેટલા ચેક કર્યા હતા. જેમાંથી વીજ ચોરીના ૨૯ કેસ કરવામાં આવ્યા હતા. જે આશરે છ લાખ સત્તાવન હજાર જેટલી વીજ ચોરી ઝડપી કેસ કરવામાં આવ્યા હતા.

મેઘરજમાં પુલ પાસે ટ્રેક્ટરની ટ્રોલીએ પલટી મારી

મેઘરજ નગરમાં વાત્રક નદી કિનારે ઉન્ડવા રોડ ઉપર સ્વરાજ ટ્રેક્ટર ગત શુક્રવારે બપોરે મેઘરજથી ઉન્ડવા તરફ ટેલરમાં ઈંટો ભરી જઈ રહ્યું હતું. અચાનક સામેથી વાહન આવી જવાથી ડ્રાઈવરે ટ્રેક્ટરની બ્રેક મારતા ટ્રેક્ટરનું ટ્રેલર રોડ સાઈડે ખેંચાઈ જતાં ઈંટો ભરેલું ટ્રેલર પલ્ટી મારી ગયું હતું. પરંતુ ટ્રેક્ટર પલ્ટી ન મારતા ડ્રાઈવરનો આબાત બચાવ થયો હતો.

ભિલોડા તાલુકા પ્રમુખ પદે નિમણુંક

ભિલોડા,તા.૪

નરેન્દ્ર વિચાર મંચના રાષ્ટ્રીય (યુવા-શાખા) પ્રમુખ યોગેશ ભંડારી, મહેશ રાજ, શૈલેષ નાયી ધ્વારા નરેન્દ્ર

મોદી વિચાર મંચ ભિલોડા તાલુકા (યુવા-શાખા) પ્રમુખ પદે યજ્ઞેશ મુકેશભાઈ પંચાલ, ભિલોડાની નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. નરેન્દ્ર મોદી વિચાર મંચના હોદેદારો, કાર્યકરો, ભાજપના હોદેદારો, કાર્યકરો અને સામાજીક સેવાભાવી કાર્યકરો, નવયુવાનોએ બિરદાવ્યા હતા.

ધનસુરા ખાતે એલઆઈસી દિવસ ઉજવાયો

મોડાસા,તા. ૪

એલઆઈસી ધનસુરા ખાતે એલઆઈસીની ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે શાખા પરિસરમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં બ્રાન્ચ મેનેજર મુકેશ એમ. પરમાર તથા સીએચસી ધનસુરાના મેડીકલ ઓફિસર જૈન તથા આઈસીઆઈસીઆઈ બેંક ધનસુરાના મેનેજર દિગંત તથા પોલીસી હોલ્ડર તથા સ્ટાફ મિત્રો, એજન્ટ મિત્રોની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકેલ હતો. ત્યારબાદ આર.કે. દવેએ એલઆઈસીની સિદ્ધિઓ વિશે માહિતી આપી હતી. એ.એમ. કટારાએ સ્ટાફ મિત્રોને શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ બ્રાન્ચ મેનેજર મુકેશભાઈ એમ. પરમારે સૌને ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી. તથા ગ્રાહકોને ઉત્કૃષ્ટ સેવાઓ પુરી પાડી સંસ્થાને આગળ ધરાવવા આહ્વાન કરેલ હતુ. ખૂબજ ઉલ્લાસભેર એલઆઈસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

મોડાસામાં ડેન્ગ્યુના ત્રણથી વધુ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ઓગષ્ટ મહિનામાં ખાબકેલા ભારે વરસાદથી શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે અને વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે ઠેર ઠેર ખાબોચીયામાં સતત પાણી ભરાયેલા રહેવાના કારણે મચ્છરજન્ય રોગચાળામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં કેટલાય વ્યક્તિઓ ઝેરી મલેરીયા અને ડેન્ગ્યુ જેવી ગંભીર બિમારીઓમાં સપડાતા નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરની ખાનગી હોસ્પિટલોમાં ત્રણથી વધુ દર્દીઓ હાલની પરિસ્થિતિમાં ડેન્ગ્યુમાં સપડાયેલા અને સારવાર હેઠળ હોવાની જાણ થતા શહેરમાં ડેન્ગ્યુ નામની મચ્છરજન્ય બીમારીએ માથુ ઉંચકતા નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લા આરોગ્ય વિભાગ નિંદ્રાધીન હોય તેમ ડેન્ગ્યુને નાથવા કોઈ અસરકારક પગલા ન લેવાતા લોકોમાં રોષ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોડાસા શહેરમાં ચોમાસાની વર્તમાન ઋતુમાં અનેક વિસ્તારોમાં ખાબોચીયાઓમાં અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ રહેતા શહેરમાં મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચકતા મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા તાવ આવવાના દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો

જોવા મળતા શહેરના નાગરિકોમાં ચિંતાની લહેર ઉઠી છે. મોડાસા શહેરની ખાનગી હોસ્પિટલોમાં ડેન્ગ્યુની બિમારીનો ભોગ બનેલા ત્રણથી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. તેમજ ખાનગી હોસ્પિટલના તબીબોએ આરોગ્ય વિભાગનું ધ્યાન દોરી ડેન્ગ્યુના ત્રણ દર્દીઓ પોઝેટીવ રીપોર્ટ આપ્યો હોવાનુ જણાવી દેવામાં આવ્યું હોવા છતાં જિલ્લા આરોગ્ય વિભાગ જાણે રજા માણવાના મુડમાં હોય તેમ ડેન્ગ્યુના દર્દીઓ અંગે સર્વે કરવા કે પછી ડેન્ગ્યુ છે કે તે જાણવા પણ તસ્દી ન લેતા ડેન્ગ્યુના દર્દીઓ અને તેમના પરિવારજનોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. ડેન્ગ્યુના રોગમાં સપડાયેલા ત્રણ દર્દીઓના સંબંધીઓના જણાવ્યા મુજબ જિલ્લા આરોગ્ય વિભાગ આળસ ખંખેરી ડેન્ગ્યુના રોગનો ભોગ બનેલા દર્દીઓના ઘરે તેમજ આજુબાજુના વિસ્તારોમાં માઈક્રોપ્લાનીંગ કરી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવે તેમજ મચ્છરજન્ય રોગ અટકાવવા મચ્છરોનું બ્રીડીંગ થતી જગ્યાઓ શોધી દવાઓનો છંટકાવ કરવામાં આવે તેમજ ડેન્ગ્યુના મચ્છરો ઉત્પન્ન થતા પોરાનો નાશ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ પ્રબળ બની હતી.

મોડાસા શહેરની ખાનગી હોસ્પિટલોમાં ચાલુ સાલે શહેરના અને જિલ્લાના કેટલાય પ્રજાજનો ડેન્ચુ અને મેલેરીયા જેવી મચ્છરજન્ય રોગચાળામાં સપડાઈ આરોગ્ય સારવાર લીધી હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

આંગણવાડી અને આશાવર્કર બહેનોની લઘુત્તમ વેતન વધારાની અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખની હાકલ

અરવલ્લી, તા. ૪

ગુજરાત રાજ્ય સરકાર ગતિશીલ ગુજરાત અને મહિલા સશક્તિકરણની મોટી મોટી જાહેરાતો અને ગુલબાંગો પુકારે છે. બીજી બાજુ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓમાં ફરજ બજાવતી મહિલાઓ આશાવર્કર, તેડાગર, આંગણવાડી કાર્યકરને પુરતો પગાર આપવા અને મહિલાઓનુ સરકારી યોજનાઓમાં થતો પગાર અન્યાયને દૂર કરી પુરતો પગાર આપવા અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ રાજ્ય સરકારમાં રજૂઆત કરી પગાર વધારો કરવા જરૂર પડે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની હાંકલ કરી હતી.

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ સરકારી યોજનાઓમાં સેવા બજાવતી બહેનોના આર્થિક શોષણ સામે ઉગ્ર વિરોધ નોંધાવી મોડાસા યશોદા એવોર્ડમાં આ બહેનોના લઘુત્તમ વેતનમાં વધારો કરવાની માંગના સંદર્ભમાં જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરી કામગીરીના પ્રમાણમાં પુરતુ વેતન ચુકવવા માંગ ઉઠી હતી. સરકારી યોજનાઓમાં સતત ફરજ બજાવતી મહિલાઓને કારમી મોંઘવારીમાં જીવનનિર્વાહ ચલાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સરકારી યોજનાઓમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓની પગાર વધારવા વારંવાર સરકાર તેમજ જવાબદાર તંત્રમાં રજૂઆત કરવા છતાં મહિલા કર્મચારીઓની રજૂઆતો સરકારના બહેરા કાને અથડાઈ પાછી આવતી હોય તેમ પગાર વધારવા અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવતો ન હોવાથી મહિલા કર્મચારીઓની હાલત કફોડી બની હતી ત્યારે અરવલ્લી જિલ્લાના યુવા જિલ્લા પંચાયત પ્રમુખે બહેનોની પગાર વધારાની માંગણીને સમર્થન આપી મહિલા કર્મચારીઓને ન્યાય અપાવવા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા સરકારી યોજનામાં ફરજ બજાવતી મહિલાઓના લઘુત્તમ વેતનમાં વધારો કરવાની માંગણીને સમર્થન આપતા અરવલ્લી જિલ્લાના પ્રજાજનો અને સરકારી યોજનાઓમાં ફરજ બજાવતી મહિલાઓ અને તેમના પરિવારજનોમાં આનંદ છવાવવાની સાથે જિલ્લા પંચાયત પ્રમુખની સરાહના કરી હતી.

અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા 'આપ'નો પુતળાદહન કાર્યક્રમ

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હી સરકારના મંત્રી સંદીપકુમારની આપત્તિજનક વીડીઓ બાબતે આપના નેતા આશુતોષ દ્વારા આપવામાં આવેલ નિવેદનમાં તેમણે સંદીપકુમારના કૃત્યનો બચાવ કરી અને તેના કૃત્યની સરખામણી આઝાદ ભારતના રાષ્ટ્રીય નેતાઓ ગાંધીજી, બાજપાઈજી, લોહીયા જેવા ઘણા નેતાઓ સાથે કરી તેમના માટે જે ખોટી ટિપ્પણી કરી અને તેને આપ પાર્ટીના કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મૌન ધારણ કરી આડકતરૂ સમર્થન આપી અને નિમ્ન કક્ષાની રાજનીતિ કરતાં, તેમના આ કૃત્યને ભારતીય જનતા પાર્ટી અરવલ્લી જિલ્લો સખત શબ્દોમાં વખોડી કાઢે છે. અને તેના વિરોધમાં ચાર રસ્તા મોડાસા ખાતે પુતળા દહન અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

પાલનપુર ખાતે સદ્‌ભાવના ગૃપ દ્વારા વાહન વ્યવહારના નિયમોની સમજ અપાઈ

પાલનપુ, તા. ૪

કાયદાના પાલન સાથે ડ્રાઈવિંગ લાઈસન્સ અને હેલ્મેટ સાથે વિદ્યાર્થીઓ વાહન ચલાવે એ હેતુથી પાલનપુર શહેરની શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ માટે આરટીઓ કચેરી પાલનપુર મુકામે ખાસ વિદ્યાર્થી ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પ સદ્‌ભાવના ગૃપ દ્વારા જિલ્લા આરટીઓ વિભાગ અને જિલ્લા પોલીસ વિભાગના સહયોગથી શરૂ કરવામાં આવ્યા છે.

શાળા કોલેજમાં અભ્યાસ અર્થે જવા માટે મોટે ભાગે શાળા કોલેજના વિદ્યાર્થીઓ વાહનનો ઉપયોગ કરતા હોય છે. સદ્‌ભાવના ગૃપ દ્વારા સર્વે કરતા માલુમ પડ્યું કે આ દરેક વિદ્યાર્થીની ઉંમર ૧૬ વર્ષથી ઉપરની છે. તેઓ લાઈસન્સ લઈને વાહન ચલાવવાને યોગ્ય છે પરંતુ તેમનો અભ્યાસનો સમય વ્યથિત થતો હોવાથી આ વિદ્યાર્થીઓ લાઈસન્સ લેવાનું ટાળે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે વિદ્યાર્થી સરળતાથી લાઈસન્સ પ્રાપ્ત કરી હેલ્મેટ સાથે વાહન ચલાવે એ માટેના પ્રયત્નો હાથ ધરતા દર બુધવારે અને શનિવારે આરટીઓ કચેરી પાલનપુર મુકામે સવારે ૮ થી ૧૧ વિદ્યાર્થીઓ માટેના ખાસ ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પો શરૂ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત પ્રથમ કેમ્પમાં તા. ૩-૯-૧૬ના રોજ આરટીઓ કચેરી પાલનપુર મુકામે પ્રથમ કેમ્પ યોજાઈ ગયો. જેમાં જિલ્લા કલેક્ટર જૈનું દીવાનની હાજરીમાં કર્ણાવત સાયન્સ કોમર્સ અને જી.ડી. મોદી વિદ્યા સંકુલના ૧૫૦ વિદ્યાર્થીઓએ ડ્રાઈવિંગ લાઈસન્સની પરીક્ષા પાસ કરી લાઈસન્સ પ્રાપ્ત કર્યા હતા.

મોયદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહિલા સુપરવાઈઝર નિવૃત્ત થતાં વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફિમેલ હેલ્થ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ઉષાબેન સોની વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસ ખાતે વિદાય સમારંભ યોજાયો હતો.

પ્રાંતિજના મોયદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા દસ વર્ષથી ફિમેલ હેલ્થ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ઉષાબેન સોની સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં પ્રાંતિજ તાલુકા હેલ્થ ઓફિસ ખાતે વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયક, મેડિકલ ઓફિસર ડૉ. ચીરાગ પટેલ, આઈસી અધિકારી જી.વાય. પટેલ, એચ.વી. રાજપુરાબેન સહિત સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને ઉષાબેનની સેવાઓને બિરદાવી તેમણે હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧